# રાજ્યમાં કોરોના કેસોની સંખ્યા ૩૦૦૦ને પાર

## ગુજરાતમાં કુલ ૩૦૭૧ કેસ : અમદાવાદમાં કોરોનાનો આતંક : વધુ ૧૮૨ કેસ, આજે વધુ ૨૫૬ કેસ : ગુજરાતમાં વધુ છના મોત સાથે મૃતાંક ૧૩૩ પર

ગાંધીનગર, તા.૨૫

ગુજરાતમાં કોરોના વિસ્ફોટ જારી રહ્યો છે. આજે વધુ ૨૫૬ કેસ સપાટી પર આવ્યા હતા. આની સાથે જ કેસોની સંખ્યા વધીને ૩૦૭૧ સુધી પહોંચી હતી. આજે વધુ છ લોકોના મોત સાથે ગુજરાતમાં મોતનો આંકડો વધીને ૧૩૩ પર પહોંચ્યો હતો. હજુ સુધી ૩૦ દર્દીઓ વેન્ટીલેટર પર છે અને ૨૬૨૬ દર્દીઓ સ્થિર હાલતમાં છે તે જોતા સ્થિતિનો સંકેત મળે છે. આજે અમદાવાદમાં ત્રણ લોકોના મોત થયા હતા જે પૈકી એસવીપીમાં ત્રણેય દર્દીના મોત થયા હતા. ત્રણેય દર્દીઓ મોટી વયના હોવાનું જાણવા મળ્યું છે અને આ દર્દીઓ હાઈપરટેન્શન, ડાયાબિટીસની બિમારીથી ગ્રસ્ત હતા. હજુ સુધી ૪૮૩૧૫ ટેસ્ટ કરવામાં આવી ચુક્યા છે જે પૈકી ૪૫૨૪૪ કેસ નેગેટીવ રહ્યા છે. આજે ૧૭ દર્દીઓને સ્વસ્થ થયા બાદ રજા આપી દેવાઈ હતી. અમદાવાદમાં સ્થિતિ સૌથી ચિંતાજનકરીતે બનેલી છે કારણ કે કેસોમાં જોરદાર વિસ્ફોટ થઈ રહ્યો છે.

અમદાવાદ એસવીપીમાં આજે ત્રણ દર્દીઓના મોત થયા હતા. ગુજરાતના સૌથી વધારે અસરગ્રસ્ત વિસ્તારમાં અમદાવાદ છે. ત્યારબાદ વડોદરા અને સુરતમાં પણ મોટી સંખ્યામાં કેસો છે. ગુજરાતમાં જે કેસો વધ્યા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં વધી રહ્યા છે. અન્યત્ર સ્થિતિ કાબૂમાં આવી રહી છે પરંતુ અમદાવાદના લીધે આંકડો ઉલ્લેખનીયરીતે વધ્યો છે.આજે પણ કોરોના પ્રભાવિત વિસ્તારોમાં સઘન તપાસની કામગીરી યથાવત રીતે જારી રહી હતી. જેના ભાગરૂપે અમદાવાદમાં વધુ ૧૮૨ કેસો સપાટી પર આવ્યા હતા. હોટસ્પોટ બનેલા અને ખતરનાકરીતે કોરોનાના કેસો જ્યાં વધી રહ્યા છે. અમદાવાદમાં આજે જે ૧૮૨ પોઝિટિવ કેસ આવ્યા હતા. અમદાવાદમાં



વડોદરા, સુરત, રાજકોટ સહિતના હોટસ્પોટ સ્થાનોએ સરકાર અને તંત્ર દ્વારા મહત્તમ ટેસ્ટ કરવામાં આવી રહ્યા છે, તેના કારણે હાલ કેસોને રોકવા માટે વિવિધ પગલાની અસર દેખાઈ રહી છે. રાજ્યમાં કોરોનાને લઈને સાવચેતીના તમામ પગલા લેવાઈ રહ્યા છે. રાજયમાં અમદાવાદ, રાજયમાં કોરોના પોઝિટિવના કેસોમાં આટલો ઉછાળો અથવા તો વધારો નોંધાઈ રહ્યો છે.

અમદાવાદ અને વડોદરા રાજ્યમાં હોટસ્પોટ તરીકે નોંધાઈ ગયા છે. કારણ કે, આ બે જગ્યા પર જ સૌથી વધુ કેસ નોંધાઈ રહ્યા છે. ગુજરાતમાં દેશના અન્ય ભાગોની જેમ જ કોરોનાના કેસોમાં ઉલ્લેખનીયરીતે વધારો થઈ રહ્યો છે. સૌથી વધુ પ્રભાવિત રહેલા રાજ્યોમાં હવે ગુજરાત પણ સામેલ થઈ ગયું છે. રાજ્ય સરકાર જુદી જુદી રીતે માહિતી મેળવવાના તમામ પ્રયાસો કરી રહી છે. ચકાસણીની પ્રક્રિયા પણ તીવ્ર કરવામાં આવી છે. રાજ્યમા ખાસ કોરોના હોસ્પિટલો પણ ઉભી કરવામાં આવી છે. ગુજરાતમાં કોરોનાના દર્દીઓની વાત કરવામાં આવે તો સંખ્યા અમદાવાદમાં સૌથી વધારે વધી રહી છે. રાજ્યના જુદા જુદા ભાગોમાં અમદાવાદ સિવાય જ્યાં કેસોની સંખ્યા સૌથી વધારે રહી છે તેમાં સુરતનો સમાવેશ થાય છે. સુરતમાં આ આંકડો ૪૯૬નો રહ્યો છે જ્યારે વડોદરામાં ૨૩૦ કેસો હજુ સુધી નોંધાઈ ચુક્યા છે. રાજ્યના હોટસ્પોટ એવા અમદાવાદ, સુરત અને વડોદરાને લઈને કેન્દ્રીય સ્તર સુધી પણ નોંધ લેવામાં આવી છે. આ તમામ વિસ્તારોમાં કેસોની સંખ્યામાં ઝડપી વધારો થઈ રહ્યો છે. અમદાવાદમાં કેસોની સંખ્યામાં સૌથી ધબડકો જોવા મળી રહ્યો છે. સૌથી વધારે ગંભીર સ્થિતિ અમદાવાદમાં દેખાઈ રહી છે કારણ કે ગુજરાતમાં જે ૩૦૭૧ કેસ નોંધાયા છે તે પૈકી મોટાભાગે અમદાવાદમાં જ છે. એકલા અમદાવાદમાં ૩૦૦૦ કેસો પૈકી ૨૦૦૦થી વધુ કેસો છે. એકલા અમદાવાદમાં ૮૬ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે ડિસ્ચાર્જ કરાયેલા દર્દીઓની સંખ્યા એકલા અમદાવાદમાં ૧૧૫ રહી છે જે નિરાશાજનક આંકડા કહી શકાય છે. લોકડાઉન શરતો અને નિયમોનો હજુ પણ ખુલ્લી રીતે ભંગ થઈ રહ્યો છે.

### ક્યા જિલ્લામાં કેટલા કેસ

| શહેર | કેસ | મૃત્યુ | ડીસ્ચાર્જ |
|---|---|---|---|
| અમદાવાદ | ૨૦૦૩ | ૮૬ | ૧૧૫ |
| વડોદરા | ૨૩૦ | ૧૨ | ૫૬ |
| સુરત | ૪૯૬ | ૧૫ | ૧૬ |
| રાજકોટ | ૪૧ | ૦૦ | ૧૪ |
| ભાવનગર | ૪૦ | ૦૫ | ૧૮ |
| આણંદ | ૪૧ | ૦૩ | ૧૪ |
| ભરૂચ | ૨૯ | ૦૨ | ૧૦ |
| ગાંધીનગર | ૨૩ | ૦૨ | ૧૨ |
| પાટણ | ૧૬ | ૧ | ૧૧ |
| પંચમહાલ | ૧૭ | ૨ | ૦૦ |
| બનાસકાંઠા | ૨૭ | ૦૦ | ૦૧ |
| નર્મદા | ૧૨ | ૦૦ | ૦૦ |
| છોટાઉદેપુર | ૧૩ | ૦૦ | ૦૩ |
| કચ્છ | ૦૬ | ૦૧ | ૦૧ |
| મહેસાણા | ૦૭ | ૦૦ | ૦૨ |
| બોટાદ | ૧૨ | ૦૧ | ૦૦ |
| પોરબંદર | ૦૩ | ૦૦ | ૦૩ |
| દાહોદ | ૦૪ | ૦૦ | ૦૧ |
| ગીરસોમનાથ | ૦૩ | ૦૦ | ૦૨ |
| ખેડા | ૦૫ | ૦૦ | ૦૧ |
| જામનગર | ૦૧ | ૦૧ | ૦૦ |
| મોરબી | ૦૧ | ૦૦ | ૦૦ |
| સાબરકાંઠા | ૦૩ | ૦૦ | ૦૨ |
| અરવલ્લી | ૧૮ | ૦૧ | ૦૦ |
| મહીસાગર | ૧૦ | ૦૦ | ૦૦ |
| તાપી | ૦૧ | ૦૦ | ૦૦ |
| વલસાડ | ૦૫ | ૦૧ | ૦૦ |
| નવસારી | ૦૨ | ૦૦ | ૦૦ |
| ડાંગ | ૦૧ | ૦૦ | ૦૦ |
| સુરેન્દ્રનગર | ૦૧ | ૦૦ | ૦૦ |
| કુલ | ૩૦૭૧ | ૧૩૩ | ૨૮૨ |

## લીંબોદરાના ૨૬ વર્ષીય યુવકે જીવલેણ કોરોનાને હરાવ્યો, જિલ્લામાં પોઝેટીવમાંથી નેગેટિવ પ્રથમ કેસ

મોડાસા, તા. ૨૫

અરવલ્લી જીલ્લાના ગ્રામ્ય વિસ્તારોમાં કોરોનાગ્રસ્ત થતા અને મોડાસા શહેરમાં પણ કોરોનાએ પગપેસારો કરતા લોકોમાં કોરોનાને લઈને ભારે ફફડાટ ફેલાયો હતો અત્યાર સુધી જીલ્લામાં કોરોનાના ૧૮ દર્દીઓ નોંધાયા છે જેમાં ભિલોડાની કુશાલપુરાની વૃદ્ધાને કોરોના ભરખી ગયો હતો. ૧૭ દર્દીઓની જિલ્લાની બે કોવીડ હોસ્પિટલમાં સારવાર ચાલી રહી છે ત્યારે મેઘરજ આરોગ્યતંત્રને અમદાવાદથી મેઘરજ લીંબોદરા વતનમાં યુવક આવ્યો હોવાની જાણ થતા તંત્રએ તાબડતોડ યુવકને મોડાસા કોવીડ-૧૯ હોસ્પિટલમાં આઈસોલેટ કરી કોરોનાનો રિપોર્ટ કરાવતા શનિવારે યુવકનો કોરોના રિપોર્ટ પોઝેટીવ આવતા સંજય દોલાજી માલીવાડ યુવકને સારવાર આપવામાં આવી હતી એક સપ્તાહ બાદ યુવક કોરોના જેવી જીવલેણ બીમારીને હરાવવામાં સફળ રહેતા યુવકનો કોરોના નેગેટિવ રિપોર્ટ જીલ્લાના લોકો માટે સુખદ સમાચાર બન્યા છે.

મેઘરજના લીંબોદરા ગામનો સંજય દોલાજી માલીવાડ નામનો યુવક અમદાવાદ ખાનગી કંપનીમાં કામ કરતો હતો. કોરોનામાં લોકડાઉન થતા જિલ્લાની સરહદો બંધ હોવાના દાવાઓ વચ્ચે યુવક વતન લીંબોદરા પહોંચતા મેઘરજ તાલુકા આરોગ્ય અધિકારી પરીખ અને તેમની ટીમે યુવકને મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં ખસેડાતા તંત્રએ યુવકને શંકાસ્પદ કોરોનાના લક્ષણો જણાતા કોરોનાનો રિપોર્ટ પોઝેટીવ આવતા તંત્રમાં હડકંપ મચ્યો હતો. યુવકને મોડાસાની કોવીડ-૧૯ હોસ્પિટલમાં સારવાર હેઠળ રાખવામાં આવ્યો હતો. કેન્દ્ર સરકારની ગાઈડલાઈન મુજબ યુવકનો સપ્તાહ પછી ફરીથી કોરોનાનો રિપોર્ટ કરાવતા યુવકનો રિપોર્ટ નેગેટિવ આવતા આરોગ્યતંત્રએ હાશકારો અનુભવ્યો હતો. મેઘરજ આરોગ્યતંત્રની સતર્કતાના પગલે યુવક કોરોના નામની બીમારીથી અન્ય લોકોને સંક્રમિત કરે તે પહેલા યુવકને સારવારઅર્થે કોવીડ-૧૯ હોસ્પિટલ મોડાસા મોકલી આપવામાં આવ્યો હતો. આરોગ્યતંત્રએ ગામમાં સેનીટાઈઝેશન, હાઉસ ટુ હાઉસ સર્વેલન્સ થર્મલ સ્ક્રીનિંગ, યુવકના સંપર્કમાં આવેલા લોકોના કોરોનાના રિપોર્ટ કરાવવા સહિતની તમામ કામગીરીઓ કરવામાં આવી હતી. ગુજરાતના લોકોએ પણ આ યુવકની જેમ કોરોનાથી ડરવાની પણ નહીં પરંતુ તેને સાવચેતીથી હરાવવાની જરૂર છે.



### રાણપુરમાં બહારના મજૂરો દ્વારા કામથી દહેશતનો માહોલ

ડીસા તાલુકાના રાણપુરમાં લોકડાઉન વચ્ચે વન વિભાગમાં બહારથી મજૂરો લાવી કામ કરાવતા ગ્રામજનોમાં દહેશતનો માહોલ છવાયો છે. કોરોનાની મહામારીને નાથવા સરકાર દ્વારા લોકડાઉનનો આદેશ કરાયો છે જેના કારણે નાના મોટા ધંધા રોજગાર અને કામો ઠપ્પ થઈ ગયા છે તેમાં પણ આ મહામારી બહારથી આવતા લોકોના કારણે વધુ ફેલાઈને વિકરાળ બની ગઈ છે જેની સરકારી અધિકારીઓ પણ કબૂલાત કરે છે તો પછી આવી વિકટ પરિસ્થિતિમાં બહારથી મજૂરો લાવીને કામ કરાવવાનું પ્રયોજન શુ ? ગામલોકો એકબાજુ કોરોનાં ના પ્રસરે તે માટે ઘરે રહીને લોકડાઉનનું પાલન કરે છે બીજી બાજુ ખુદ સરકારના તંત્ર દ્વારા તેનો ખુલ્લેઆમ ભંગ થઈ રહ્યો છે જો કે વન વિભાગ મામલતદારે મજૂરી આપી હોવાનો દાવો કરે છે પરંતુ મામલતદાર સ્થાનિક મજૂરો દ્વારા કામની મંજૂરી આપી હોવાનું જણાવે છે. પરંતુ આ બહારના મજૂરોના કારણે ગામમાં કોરોના પ્રસરે તો તેના માટે જવાબદાર કોણ ? તેવો લોકોએ વેધક પ્રશ્ન કરી આ બાબતે જિલ્લા કલેકટર સત્વરે ઘટતાં પગલાં ભરે તેવી માંગ કરી છે હાલમાં તો બહારના મજુરોને લઈ ગામમાં દહેશતનો માહોલ છવાયો છે.

## કોરોના સામેની જંગમાં વધુ એક સિદ્ધિ : વડોદરાની કંપનીએ ભારતની પ્રથમ રિયુઝેબલ પીપીઈ કીટ્સ બનાવી

ભારત સરકાર કોવિડ-૧૯ના ઝડપી ફેલાવાને નિયંત્રણમાં લેવા માટે દેશવ્યાપી લોકડાઉન, કેટલાંક વિસ્તારોમાં કરફ્યુ, રેપિડ ટેસ્ટિંગ વગેરે મોરચે અસરકારક પગલા ભરી રહી છે ત્યારે કોરોના વાઈરસ સામેની લડાઈની પ્રથમ પંક્તિમાં સામેલ ડોક્ટર્સ, નર્સ સહિતના સ્વાસ્થ્યકર્મીઓ તરફથી પર્સનલ પ્રોટેક્ટિવ ઈક્વિપમેન્ટ (પીપીઈ)ની વિશાળ જરૂરિયાત પેદા થઈ છે. કોરોના વાઈરસના સંક્રમણથી આ કોરોના વોરિયર્સને સુરક્ષિત રાખવા અત્યંત આવશ્યક છે.

કોવિડ-૧૯ના ફેલાવા પહેલાં ભારતને પીપીઈ કીટ્સ માટે વિદેશી કંપનીઓ ઉપર નિર્ભર રહેવું પડતું હતું, પરંતુ છેલ્લાં કેટલાંક મહિનામાં પરિસ્થિતિ બદલાઈ છે અને આજે ઘણી ભારતીય કંપનીઓ પીપીઈ કીટ્સનું ઉત્પાદન કરે છે. તેમાં માસ્ક, સેફ્ટી હેલ્મેટ, આઈ પ્રોટેકશન, ગ્લોવ્સ અને હાઈ-વિઝિબિલીટી ક્લોથિંગ ચીજો સામેલ છે. જોકે, કોરોના વાઈરસથી અસરગ્રસ્ત દર્દીઓની સંખ્યામાં ઝડપી વધારાને ધ્યાનમાં લેતાં પીપીઈના સપ્લાયને પણ અસર થવાની સંભાવના પેદા થઈ છે. આ પડકારને પહોંચી વળવા માટે વડોદરા સ્થિત સ્યોર સેફ્ટીએ રિયુઝેબલ પીપીઈ કીટ્સ ડિઝાઈન કરી છે અને હવે તેનું મોટાપાયે ઉત્પાદન કરવા માટે સજ્જ છે. આ રિયુઝેબલ પીપીઈ હાલમાં ઉપલબ્ધ પીપીઈ કીટ્સથી પેદા થતાં બાયોમેડિકલ વેસ્ટના પડકારો દૂર કરશે તથા પીપીઈની તંગ સપ્લાયનો પણ ઉકેલ આપશે.

આ ઈનોવેશન અંગે વાત કરતાં સ્યોર સેફ્ટીના મેનેજિંગ ડાયરેક્ટર અને સ્થાપક નિશિથ દંડે જણાવ્યું હતું કે ''ઈનોવેશનની મદદથી અમે ભારતની પ્રથમ રિયુઝેબલ પીપીઈ કીટ્સ વિકસાવી છે. યુરોપ અને યુએસમાં કંપનીઓએ તાજેતરમાં જ આ પ્રકારની કીટ્સનું ઉત્પાદન શરૂ કર્યું છે. પીપીઈ કીટ્સને કારણે પેદા થતાં બાયોમેડિકલ વેસ્ટને કારણે પણ મોટું જોખમ પેદા થાય છે અને અમે એર ફિલ ટેકનોલોજીના ઉપયોગથી નવી કીટ્સ તૈયાર કરી છે. ટૂંક સમયમાં હોસ્પિટલ્સમાં આ પીપીઈ કીટ્સની ડિલિવરી શરૂ કરવાની અમને આશા છે.''

## અરવલ્લીમાં લોકડાઉન પ્રેમમાં વિઘ્ન બન્યું

### યુવતીએ પરણિત પ્રેમીના વિરહમાં હાથની નશ કાપી આત્મહત્યાનો પ્રયાસ, ૧૮૧ અભયમ મદદે

કિલર કોરોના વાયરસ સામે જંગ જીતવા લોકડાઉન ચાલી રહ્યું છે, લોકડાઉનમાં પ્રેમી-પંખીડાઓ વિરહની વેદના ભોગવી રહ્યા છે, અરવલ્લી જીલ્લાના બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારની યુવતી લોકડાઉન હોવાના કારણે ખેડા જીલ્લાનો પરણિત પ્રેમી યુવક મળવા ન આવતા અને ટેલિફોનિક સંપર્ક નહિ થતા પ્રેમીના વિયોગમાં યુવતીએ ૧૮૧ અભયમ હેલ્પલાઈનનો સંપર્ક કરી આત્મહત્યા કરવા જઈ રહી હોવાનું જણાવતા ૧૮૧ અભયમ અરવલ્લીના કાઉન્સિલર શિલ્પા બેનએ યુવતી સાથે ટેલિફોનિક કાઉન્સલીંગ ચાલુ રાખી ઘટનાસ્થળે પહોંચે તે પહેલા યુવતીએ ગામની સીમમાં હાથની નશ કાપી નાખતા બેભાન બનતા નજીકમાંથી પસાર થતા રાહદારીએ યુવતીને સારવાર અર્થે ખસેડી હતી ૧૮૧ અભયમ મહિલા હેલ્પ લાઈન ઘટનાસ્થળે પહોંચી યુવતીનું કાઉન્સલીંગ કરી ખોટું પગલું ન ભરવા સમજાવી તેના પરિવારજનોને સોંપી હતી.

પ્રેમ આંધળો હોય છે અને પ્રેમમાં પડેલા યુવાન-યુવતી પ્રેમ માટે કોઈપણ હદે જઈ શકે છે તેવા દ્રશ્યો લોકડાઉન સમય દરમિયાન અરવલ્લી જીલ્લામાં જોવા મળ્યા હતા બાયડ તાલુકાના ગ્રામ્ય વિસ્તારમાં પિતાની છત્રછાયા ગુમાવી ચુકેલી યુવતી રસોડાનું કામકાજ કરવા જતી હતી જેમાં ખેડા જીલ્લાના પરણિત યુવક સાથે આંખ મળી જતા પ્રેમ સંબંધ બંધાયો હતો. યુવતીના પરિવારજનો પણ યુવક-યુવતીના પ્રેમપ્રકરણ વિષે જાણતા હતા. લોકડાઉનમાં પરણિત યુવક ટેલિફોનિક સંપર્ક ચાલુ રાખી તાબડતોડ ૧૮૧ અભયમ ટિમના કોન્સ્ટેબલ ઈલાબેન અને પાયલોટ જીતેન્દ્રભાઈ સાથે બાયડના ગ્રામ્ય વિસ્તારમાં પહોંચવા રવાના થઈ હતી. યુવતીએ ૧૮૧ અભયમ ટીમ પહોંચે તે પહેલા ગામની સીમમાં હાથની નશ કાપી નાખતા





મળવા ન આવતા અને અગમ્ય કારણોસર ટેલિફોનિક સંપર્ક પણ બંધ કરી દેતા યુવતીને યુવકે દગો આપ્યો હોવાનો અહેસાસ થતા આત્મહત્યાનો નિર્ણય કરી ઘરેથી નીકળી ગઈ હતી. ૧૮૧ અભયમ હેલ્પલાઈનને યુવતીએ ફોન કરી પ્રેમીએ દગો આપ્યો હોવાથી આત્મહત્યા કરવા મજબુર બની હોવાનું જણાવતા ૧૮૧ અભયમ અરવલ્લી જિલ્લાને વર્દી આવતા ૧૮૧ અભયમ ટીમના કાઉન્સિલર શિલ્પા ગામીતે યુવતીનો બેભાન બનતા નજીકમાંથી પસાર થતા રાહદારીએ યુવતીને સારવાર અર્થે દવાખાને ખસેડી હતી ૧૮૧ અભયમ ટીમે ઘટનાસ્થળે પહોંચી યુવતીનું કાઉન્સલીંગ કરી તેના પ્રેમી સાથે વાત કરી યુવતિને ખોટું પગલું ન ભરવા સમજાવી તેના પરિવારજનોને સોંપી હતી યુવતીને તેની ભૂલ સમજાતા પરણિત પ્રેમી યુવક સામે પોલીસ ફરિયાદ કરવાનું ટાળ્યું હતું ૧૮૧ અભયમની ટીમે યુવતીને બચાવી લીધી હતી.

## ડીસામાં વેપારીઓ અને મામલતદાર વચ્ચે ગજગાહ, વેપારીઓએ દુકાનો બંધ કરી વિરોધ દર્શાવ્યો

લોકડાઉનના પગલે રાજ્ય સરકાર દ્વારા જીવન જરૂરીયાત સહિતની અન્ય દુકાનોને શરતોને આધીન ખૂલી રાખવાની મંજુરી આપવામાં આવી છે જો કે તેની સાથે સાથે વેપારીઓને પોતાની દુકાન તેમજ ઓફિસ ઉપર હાથ સ્વચ્છ રાખવા સેનેટાઈજરની સાથે ગ્રાહકોની મુલાકાત રજીસ્ટર પણ નિભાવવાની જવાબદારી સોંપવામાં આવી છે જોકે વેપારીઓ આ નિયમોને અનુસરે છે કે કેમ ? તેની ખાતરી માટે શનિવારે ડીસા મામલતદાર તેમની ટીમ સાથે ડીસાના ગાંધીચોક વિસ્તારમાં ગયા હતા પરંતુ કેટલાક વેપારીઓની દુકાન ઉપર સેનેટાઈજ માટેની કોઈ વ્યવસ્થા કે રજીસ્ટર મેન્ટેન કરવામાં પણ આવતું ન હતું. આ બાબતે મામલતદાર દ્વારા વેપારીઓને સૂચના આપતા વેપારીઓ દ્વારા જણાવાયું હતું કે અમો તમામ ગ્રાહકોને પાકું બિલ આપીએ છીએ તો પછી રજીસ્ટરની જરૂર નથી પરંતુ મામલતદાર દ્વારા સરકારનો આદેશ હોઈ તમારે તે નિભાવવું પડશે આમ આ બાબતને લઈ વેપારીઓ અને મામલદાર વચ્ચે ગજગ્રાહ સર્જાવા પામ્યો હતો. જેથી મામલતદાર દ્વારા પાલિકાને જાણ કરી નિયમોને ના અનુસરતા તમામ વેપારીઓ વિરુદ્ધ કાર્યવાહી કરવાનું જણાવતા પાલિકા દ્વારા આવા વેપારીઓને દંડ ફટકારવાની કામગીરી શરૂ કરતાં વેપારીઓ ઉશ્કેરાયા હતા અને આવા કપરા સમયે તંત્રને સાથ આપવાની જગ્યાએ વિરોધ કરી પોતાની દુકાનો બંધ કરી વિરોધ દર્શાવ્યો હતો.

### છુટછાટ

● અનુસંધાન છેલ્લાનું ચાલુ

બીજીતરફ લોકડાઉનમાં અપાયેલી આંશિક છુટછાટ શરતી છે. અલબત્ત વેપારીઓ તેમજ ગ્રાહકોએ સોશિયલ ડીસટન્સીંગનુ પાલન કરવાનુ રહેશે. ૫૦ ટકા મેનપાવર સાથે જ કામ કરવાનુ રહેશે. આ ઉપરાંત તમામે ફરજિયાત માસ્ક પહેરવાની સાથે સેનેટાઈઝેશન પણ સમયાંતરે કરવાનુ રહેશે. દુકાનો પર બિનજરૂરી ભીડભાડ થશે તેવા કિસ્સામાં પણ પોલીસ કાર્યવાહી કરશે. જયારે નાગરિકોને આ આંશિક છુટછાટનો જરૂર મુજબ જ ઉપયોગ કરવા પણ જણાંવાયુ છે. બિનજરૂરી ઘરની બહાર ન નિકળવા માટે પણ સરકારે નાગરિકોને અપીલ કરી છે. શહેરમાં સરકારની ગાઈડલાઈન મુજબ નાની મોટી દુકાનો આજથી ધમધમશે જેના સાથે જનજીવન પણ થોડુ જીવંત બનશે. જો કે હજુ શોપિંગ મોલ્સ પણ બંધ રહેશે.

### દુનિયામાં

● અનુસંધાન પહેલાનું ચાલુ

પણ સામેલ છે. કારણ કે કેસોની સંખ્યા રેકોર્ડ ગતિથી વધી રહી છે. ભારતમાં પણ હવે સ્થિતી ખરાબ થઈ રહી છે. કારણ કે કેસોની સંખ્યામાં ચિંતાજનક રીતે વધારો થઈ રહ્યો છે. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. વાયરસને કાબુમાં લેવા માટે વિવિધ પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં રોગ પર કાબુ લેવામાં સફળતા હાથ લાગી રહી નથી. દુનિયાના ૨૧૦ કરતા વધારે દેશો કોરોનાના કારણે મુશ્કેલીમાં મુકાઈ ગયા છે. તેમના અર્થતંત્ર ભાંગી પડવાના આરે પહોંચી ગયા છે. અમેરિક અર્થતંત્રને પણ નુકસાન થયુ છે. તમામ દેશો પગલા લઈ રહ્યા છે પરંતુ હાલમાં બિનઅસરકારક સાબિત થઈ રહ્યા છે.લોકડાઉનના નિયમોને વધારે કઠોર કરવામાં આવી રહ્યા છે. ચીનમાં આ વાયરસ ફેલાઈ જતા પહેલા સેન્ટ્રલ હુબેઈ પ્રાંતમાં ડિસેમ્બર માસમાં પ્રથમ કેસ સપાટી પર આવ્યો હતો.દુનિયાના અન્ય દેશો પણ કોરોના વાયરસના કારણે પરેશાન છે.

### હાલ સ્થગિત

● અનુસંધાન પહેલાનું ચાલુ

હજુ અમારી પાસે ૧૫ લાખથી વધારે ટેસ્ટની ક્ષમતા છે. ઉપરાંત પણ કેટલીક ભારતીય કંપનીઓ ટેસ્ટ કિટ તૈયાર કરી રહી છે. ઉપરાંત કોરોનાની સામે લડાઈમાં દેશભરમાં જિલ્લા સ્તર પર સવા લાખથી વધારે સ્વૈચ્છિક લોકો પણ કામ કરી રહ્યા છે. ગૃહ મંત્રાલય તરફથી આજે કેટલીક સ્પષ્ટતાઓ કરવામાં આવી હતી. બીજી બાજુ સરકાર તરફથી એવો દાવો પણ કરાયો છે કે કોરોના કેસોમાં ભારતમાં સૌથી ઓછો દરરોજનો ગ્રોથ રેટ નોંધાયો છે. કેસોની સંખ્યા ૧૦૦ના આંકડાને પાર કરી ગયા બાદ સૌથી ઓછો દરરોજનો રેટ નોંધાયો છે. જે ભારત માટે સારા સંકેત સમાન છે. દેશમાં કોરોના-૧૯ કેસોમાં સરેરાશ ડબલ થવાનો દર ૯.૧ થયો છે જે ૮ હતો. ભારતમાં નવા કેસોમાં ગ્રોથ રેટ ૬ ટકાની આસપાસનો નોંધાયો છે જે સૌથી ઓછો દર છે. સરકાર તરફથી આજે કોરોનાના સંદર્ભમાં બેઠક યોજાઈ હતી. આ બેઠક આરોગ્ય મંત્રી હર્ષવર્ધનના નેતૃત્વ હેઠળ યોજાઈ હતી. જેમાં તમામ પાસા પર ચર્ચા થઈ હતી. હોસ્પિટલ, આઈસોલેશન, પીપીઈ કિટ, એન-૯૫ માસ્ક, વેન્ટીલેટર સહિતના મુદ્દાઓ ચમક્યા હતા.

### બજારો ખુલશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

હેર સલુન અને બાર્બરની દુકાનો બંધ રહેશે. કારણ કે કેટલીક જગ્યાએ આના કારણે પણ કોરોના પોઝિટિવ કેસો સપાટી પર આવ્યા છે. હાલમાં કોઈ પણ પ્રકારના રેસ્ટોરન્ટને ખોલવાની મંજુરી આપવામાં આવી રહી નથી. ઉપરાંત કોરોના વાયરસ જે વિસ્તારમાં વધારે ફેલાયેલો છે તે વિસ્તારમાં કોઈ દુકાનો અને અન્યોને ખુલી રાખવાની મંજુરી આપવામાં આવી રહી નથી. કોરોના વાયરસ મહામારીને રોકવા માટે દેશભરમાં છેલ્લા એક મહિનાથી લોકડાઉનનો ગાળો ચાલી રહ્યો હતો. આ લોકડાઉનના ગાળા વચ્ચે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા શુક્રવારે મોડી રાત્રે દેશના લાખો દુકાનદારોને મોટી રાહત આપી દીધી હતી. જો કે આને લઈને સવારમાં દુવિધા રહેતા ફરી સ્પષ્ટતા કરવામાં આવી હતી. મંત્રાલય દ્વારા આદેશ જારી કરીને શનિવાર સવારથી તમામ રાજ્યો અને કેન્દ્રશાષિત પ્રદેશોમાં રજિસ્ટર્ડ દુકાનોને શરતી રીતે ખોલવાની મંજુરી આપી દીધી હતી. જો કે હાલમાં શોપિંગ મોલ્સ અને શોપિંગ કોમ્પ્લેક્સને ખોલવા માટેની મંજુરી આપી નથી. આ છુટછાટ હાલમાં એવા દ દુકાનદારો માટે છે જે નગર નિગમ અને નગરપાલિકાના ક્ષેત્રાધિકારમાં આવતી નથી. એમ કહેવામાં આવે છે કે કેન્દ્રિય ગૃહ મંત્રાલય દ્વારા પવિત્ર રમઝાન મહિનાને ધ્યાનમાં લઈને આ નિર્ણય કરવામાં આવ્યો છે. સરકારે પોતાના આદેશમાં કેટલીક શરતો લાગુ કરી દીધી છે. જે મુજબ તમામ દુકાનદારો અને રાજ્ય અને કેન્દ્રશાષિત પ્રદેશોમાં રજિસ્ટર્ડ રહે તે જરૂરી છે. તમામ દુકાનોમાં ૫૦ ટકા સ્ટાફ રાખવા માટેની જ મંજુરી હાલમાં આપવામાં આવી છે. સાથે સાથે સોશિયલ ડિસ્ટેન્સિંગના નિયમોને પાળવા માટે કહેવામાં આવ્યુ છે. દુકાનમાં કામ કરનાર લોકોને માસ્ક પહેરવાની બાબત પણ ફરજિયાત રહેશે. શોપિંગ મોલ્સ અને કોમ્પ્લેક્સને હજુ રાહ જોવાની ફરજ પડી શકે છે. સિંગલ બ્રાન્ડ અને મલ્ટીબ્રાન્ડ મોલને હાલમાં ખોલવાની મંજુરી આપવામાં આવી નથી.

### પ્લાન ઘડાશે

● અનુસંધાન પહેલાનું ચાલુ

કેટલીક જગ્યાએ લોકડાઉન અને ગાઈડલાઈન્સને ન પાળવાના મામલા સપાટી પર આવ્યા છે. દરમિયાન કોરોનાના કેસોની સંખ્યા દેશમાં હવે ૨૫ હજારની નજીક પહોંચવા આવી છે. ૧૧ રાજ્યોમાં સોશિયલ ડિસ્ટેન્સિંગ, સાફ સફાઈ અને જાગરુકતાના કારણે કોરોનાની કમર તોડી નાંખવામાં આવી છે. ૧૧ રાજ્યોમાં ૧૧ ટકા કોરોના ખતમ થયાનો દાવો કરવામાં આવી રહ્યો છે. કોરોનાના કેસોમાં વધારો થવાની ગતિ પણ વધી રહી છે. કોરોના વાયરસના કારણે લોકડાઉનની અવધિ એક માસની થઈ ચુકી છે. આ ગાળા દરમિયાન કેસોની સંખ્યા ૫૦૦થી વધીને ૨૪ હજારની નજીક પહોંચી ગઈ છે. ૨૩મી માર્ચના દિવસે કોરોના ૪.૫ ટકાના દરથી વધી રહ્યો હતો. જેની ગતિ ૨૩મી એપ્રિલના દિવસે પણ આજ રહી હતી. આંકડો એમ મોટો લાગે છે પરંતુ અન્ય દેશોની સરખામણીમાં આંકડો ઓછો છે. સરકારે એક મહિનાના ગાળાને કોરોનાની ગતિ પર બ્રેક મુકવા માટે ખુબ નિર્ણાયક ચરણ તરીકે ગણાવીને વાત કરી છે. કોરોના ટેસ્ટમાં ૩૩ ટકાનો વધારો થયો છે. નવા કેસમાં ૧૬ ટકાનો વધારો થયો છે.

### રસીનું ટેસ્ટિંગ

● અનુસંધાન પહેલાનું ચાલુ

યુનિવર્સિટી દ્વારા હાથ ધરાયેલા પરીક્ષણમા ૮૦૦ લોકોમાથી એલિસા ગ્રેનેટને રસીના ટેસ્ટિંગ માટે પસંદ કરવામા આવ્યા. ઓક્સફર્ડ યુનિવર્સિટીના સંશોધકોનુ કહે છે કે, માઈક્રો બાયોલોજિસ્ટ એલિસાને આપવામા આવેલી કોવિડ-૧૯ની રસી માટે વૈજ્ઞાનિકોને સફળતા મળવાની ઘણી આશા છે. વૈજ્ઞાનિકોએ દાવો કર્યો છે કે, આ રસી શરીરની રોગ પ્રતિકારક શક્તિ વધારીને શરીરને કોરોના વાઈરસ સામે લડવામા મદદ કરશે. મોઈક્રોબાયોલોજિસ્ટ એલિસાએ પોતાના પર થયેલા કોવિડ-૧૯ ટેસ્ટિંગ વિશે જણાવ્યુ કે, હું પણ એક વૈજ્ઞાનિક છું, જેના કારણે આ રિસર્ચને સપોર્ટ કરૂ છું. આ વાઈરસ પર કોઈ પણ સ્ટડી ના કરવાનો મને પસ્તાવો છે, પરંતુ હવે મને લાગે છે કે, આ કારણે હુ એક સહયોગ આપી શકીશ.